©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII] SATURDAY, 10th OCTOBER, 2026/ASHVINA 18, 1948 [No. 8103**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II EXTRAORDINARY**

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## સીટી પ્લાનીંગ ખાતુ

**ત્રીજો માળ, બી-બ્લોક, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧**

## ''અધિસુચના''

**નગર રચના યોજના નં.૨૩ (સાબરમતી)(પાંચમો ફેરફાર)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત.**

ક્રમાંક:-ટી.પી.એસ./જનરલ/૩૩૧૭.–આથી જાહેર કરવામાં આવે છે કે, નગર રચના યોજના નં.૨૩(સાબરમતી)માં અંતિમખંડ નં.૬૦૯ (હેતુ- "રીક્રીએશન સેન્ટર"), અંતિમખંડ નં.૬૧૫ (હેતુ- "સ્કુલ અને પ્લે ગ્રાઉન્ડ"), અંતિમખંડ નં.૮૨૩ (હેતુ- "LAWN"), અંતિમખંડ નં.૮૨૪(હેતુ- "LAWN"), અંતિમખંડ નં.૮૨૫(હેતુ- "LAWN"), અંતિમખંડનં.૮૦૨ (હેતુ- "LAWN"), અંતિમખંડનં.૮૦૪ (હેતુ- "LAWN"), અંતિમખંડ નં.૬૧૧ (હેતુ-"ગાર્ડન") તથા અંતિમખંડ નં.૭૫૩(હેતુ- "સિવિક સેન્ટર")નો હેતુ "સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર" કરવા સદરહુ નગર રચના યોજનામાં પાંચમી વખતના ફેરફારનો મુસદ્દો ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવ. એક્ટ-૧૯૭૬ ની કલમ-70/A ની જોગવાઈઓને આધિન સદર એક્ટની કલમ-72(a) હેઠળ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આ સમગ્ર બાબતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટાઉન પ્લાનીંગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી તથા સામાન્ય માસીક સભાએ આપેલ મંજુરીના ઠરાવની વિગતો નીચે જણાવ્યા મુજબ છે.

**ટાઉન પ્લાનીંગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી ઠરાવ નં.૩૪, તા.૩૧-૦૮-૨૦૨૬**

"ઠરાવ કર્યો કે મ્યુ.કમિ.શ્રીના પત્ર વર્ગી નં.ટી.પી.એસ./જનરલ/૩૩૧૭, તા.૨૯-૦૮-૨૦૨૬ ની સઘળી હકીકતથી વિદિત થઇ, અંતિમ મંજૂર નગર રચના યોજના નં.૨૩(સાબરમતી)માં અંતિમખંડ નં.૬૦૯ (હેતુ- "રીક્રીએશન સેન્ટર"), અંતિમખંડ નં.૬૧૫ (હેતુ- "સ્કુલ અને પ્લે ગ્રાઉન્ડ"), અંતિમખંડ નં.૮૨૩ (હેતુ- "LAWN"), અંતિમખંડ નં.૮૨૪(હેતુ-"LAWN"), અંતિમખંડ નં.૮૨૫(હેતુ- "LAWN"), અંતિમખંડનં.૮૦૨ (હેતુ- "LAWN"), અંતિમખંડનં.૮૦૪ (હેતુ- "LAWN"), અંતિમખંડ નં.૬૧૧ (હેતુ-"ગાર્ડન") તથા અંતિમખંડ નં.૭૫૩(હેતુ- "સિવિક સેન્ટર")નો હેતુફેર કરી, હેતુ-"સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર"કરવા ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ ની કલમ-70/A ની જોગવાઇ હેઠળ પાંચમી વખતનો ફેરફાર કરવા,સદર અધિનિયમની કલમ-72(a) હેઠળ સદરહુ ફેરફાર પ્રસિધ્ધ કરવા, તથા અધિનિયમ કલમ-72(b) હેઠળ આવેલ વાંધા સુચન અન્વયે નિર્ણય લઇ, અધિનિયમની કલમ-72(c) હેઠળ સદરહુફેરફારની દરખાસ્ત સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા સંબંધિત તમામ સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીને સોંપવાની મંજૂરી આપવા મ્યુનિ.કોર્પો.ને ભલામણ કરવામાં આવે છે."

**સામાન્ય માસીક સભા ઠરાવ નં.૩૮૪, તા.૨૮-૦૯-૨૦૨૬**

"ઠરાવ કર્યો કે ટા.પ્લા. એન્ડ એસ્ટેટ મેને.ક.ઠ.નં.૩૪, તા.૩૧-૦૮-૨૦૨૬ની ભલામણ અનુસાર મંજુરી આપવામાં આવે છે."

સદરહુ પાંચમી વખતના ફેરફાર દર્શાવતા નકશાની નકલ નીચે દર્શાવેલ સરનામે કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી મુકવામાં આવી છે. સદર નગર રચના યોજનાનો ફેરફારનો મુસદ્દો રાજ્ય સદરકારના રાજ્યપત્ર(ગેજેટ)માં પ્રસિધ્ધ થયા તારીખથી એક(૧) માસની અંદર સદરહુ ફેરફાર સંબંધમાં કોઈપણ લેખિત વાંધો સમયમર્યાદામાં ચીફ સીટી પ્લાનરશ્રીની કચેરીએ(સરનામું: સીટી પ્લાનીંગ ખાતુ, મધ્યસ્થ કચેરી, ત્રીજો માળ, બી-બ્લોક, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧) મોકલી આપશે તો અ.મ્યુ.કો. તે ઉપર વિચારણા કરશે.

**સહી/- અવાચ્ય**
મ્યુનિસિપલ કમિશનર
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

---

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
## સીટી પ્લાનીંગ ખાતુ
### ત્રીજો માળ, બી-બ્લોક, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧
## ''અધિસુચના''

**મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫(સીટી વોલ ઈમ્પ્રૂવ્મેન્ટ) (સેક્શન-૭/એ) (આઠમો ફેરફાર)ની દરખાસ્ત તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવા બાબત.**

ક્રમાંક:-ટી.પી.એસ./જનરલ/૩૨૩૬.–સને-૧૯૭૬ના ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવ. એક્ટની કલમ-૭૧ અન્વયે, સદર કાયદાની કલમ ૨૩(૧)(૨) હેઠળ મળેલી સત્તાની રૂએ ટાઉન પ્લાનીંગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી ઠરાવ નં.૩૨, તા.૩૧-૦૮-૨૦૨૬ તથા મ્યુનિસિપલ જનરલ બોર્ડ ઠરાવ નં.૩૮૨, તા.૨૮-૦૯-૨૦૨૬ થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫(સીટી વોલ ઈમ્પ્રૂવ્મેન્ટ) (સેક્શન-૭/એ) (આઠમો ફેરફાર) તૈયાર કરવાનો ઈરાદો સદર કાયદાની કલમ-૪૧(૧) હેઠળ જાહેર કર્યો છે. જેમાં સદરહુ નગર રચના યોજનામાં અ.મ્યુ.કો.ને ટી.પી. રાહે સ્લમ અપગ્રેડેશનના હેતુ માટે સંપ્રાપ્ત થયેલ અંતિમખંડ નં.૨૧૭/૨, ખાનગી માલિકીના અંતિમખંડ નં.૨૧૭/૧ તથા તેને સંલગ્ન ૬.૦ મી. પહોળાઈના રસ્તાનો સમાવેશ થાય છે.

આ સમગ્ર બાબતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટા.પ્લા. એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી તથા મ્યુનિસિપલ જનરલ બોર્ડ દ્વારા કરવામાં આવેલ ઠરાવની વિગત નીચે મુજબ છે.

**ટાઉન પ્લાનીંગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી ઠરાવ નંબર.૩૨, તા.૩૧-૦૮-૨૦૨૬**

ઠરાવ કર્યો કે મ્યુ.કમિ.શ્રીના પત્ર વર્ગી નં.ટી.પી.એસ./જનરલ/૩૨૩૬, તા. ૨૯-૦૮-૨૦૨૬ ની સઘળી હકીકતથી વિદિત થઈ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫(સીટી વોલ ઈમ્પ્રૂવ્મેન્ટ) (સેક્શન-૭/એ) (આઠમો ફેરફાર)ની દરખાસ્ત તૈયાર કરવા માટેનો ઈરાદો ધી ગુ.ટા.પ્લા. એન્ડ અર્બન ડેવ.એક્ટ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ જાહેર કરી, ઈરાદો પ્રસિધ્ધ કરવા તથા અધિનિયમના રૂલ્સ નં.૧૭ હેઠળ ઓનર્સ મીટીંગ યોજવા તથા અધિનિયમની કલમ-૪૨(૧) હેઠળ પ્રસિધ્ધ કરવા તથા પ્રસિધ્ધી અન્વયે મળેલ વાંધા સુચનો અન્વયે નિર્ણય લઈ, સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તને અધિનિયમની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા સુધીની તમામ સત્તા મ્યુ.કમિશનરશ્રીને સોંપવાની મંજુરી આપવા મ્યુ.કોર્પો.ને ભલામણ કરવામાં આવે છે.

**મ્યુનિસિપલ જનરલ બોર્ડ ઠરાવ નં.૩૮૨, તા.૨૮-૦૯-૨૦૨૬**

ઠરાવ કર્યો કે ટા.પ્લા. એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી ઠરાવ નં.૩૨, તા. ૩૧-૦૮-૨૦૨૬ ની ભલામણ અનુસાર મંજુરી આપવામાં આવે છે.

સદરહુ યોજનામાં સમાવિષ્ટ થતા અંતિમખંડ તથા સંલગ્ન રસ્તાની હદ દર્શાવતા નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સીટી પ્લાનીંગ ખાતુ, ત્રીજો માળ, બ્લોક બી, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ ખાતે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

**સહી/- અવાચ્ય**
મ્યુનિસિપલ કમિશનર
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

---

Government Press & Stationery, Rajkot.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.10.12 12:56:22 IST